અમદાવાદ(ગ્રામ્ય)ના ૮માં મહે.એડીશ્નલ સીવીલ જજ અને જયુડિશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. મીરજાપુર, અમદાવાદ..

ફોજદારી કેસ નં.:-૧૪૦૪/૧૮

આંક -

ફરીયાદી :- શ્રી સરકાર

વિરુઘ્ઘ

આરોપી :- જેતારામ ટીકુરામ જાટ

ફરિયાદી તર્ફે વ.શ્રી એ.પી.પી.

આરોપી તરફે વિ.વ.શ્રી :-

**ગુનો : ઈ.પી.કો.કલમ-૧૮૮ મુજબ .**

૧. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે :-

આરોપીએ જે તે વખતે અમલમાં રહેલા સરકારી જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો.કલમ:૧૮૮ મુજબનો ગુનો કરેલ છે.

૨. ઉપરોકત ફરિયાદના કામે તપાસ મળતા ત.ક. અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદના નિવેદનો નોધતા અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ , અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂઘ્ઘ ગુનો બનતો હોય આરોપીની અટક કરી પુછપરછ કરી આરોપી વિરુઘ્ઘ પુરતા પરાવાઓ મળી આવતા આરોપીની ઘર પકડ કરી આરોપી વિરુઘ્ઘ ચાર્જશીટ ફાઈલ કરેલ.

૩. ત.ક. અમલદાર ઘ્વારા આરોપી વિરૂઘ્ઘ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂઘ્ઘ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી.આર.પી.સી.ની કલમ: ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યાબાદ આરોપીની આંક--- થી પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે.

૪. આ કામના આરોપીએ આજરોજ ગુના કબુલાત પુરશીશ આંક-- થી આપેલ છે. જેમાં આ કામના આરોપીએ ગુના કબુલાત પુરશીશ આપી જણાવેલ છે. કે, તેઓને સ્વેચ્છાએ ગુનો કબુલ કરીએ છીએ યોગ્ય દંડ કરી ગુનામાંથી મુકત કરવા જણાવેલ છે.

૫. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીશ, આરોપીની આર્થિક તેમજ સામાજિક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ઘ્યાને લેતાં સદરહું આરોપીને જોએક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

આ કામના આરોપી: જેતારામ ટીકુરામ જાટ ને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે ઈ.પી.કો.ક.૧૮૮ મુજબના ગુનામાં માણસની જીંદગી જોખમાવા અંગેના જાહેરનામાનો ભંગ હોય, આરોપીને તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦ /- અંકે રૂપિયા સો પુરા પુરાનો દંડ જો આરોપી દંડ ન ભરે તો દિન બે ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત ચુકાદો આજ રોજ તા. ૨૨-૦૭-૨૦૧૮ ના રોજ જાહેર કર્યો .

તા. ૨૨-૦૭-૨૦૧૮

સ્થળ મીરજાપુર, અમદાવાદ.

તૃપ્તિબેન અમૃતલાલ ભાડજા

૮માં એડી. સીવીલ જજ એન્ડ જયુ.મેજી.ફ.ક

અમદાવાદ (રૂરલ)